NEW JERSEY VOTES

SAFE. SIMPLE. SECURE.

PRIMARY ELECTION 2024

# રૂબરૂમાં પ્રારંભિક મતદાન વિશે જાણવા જેવી ટોચની 5 બાબતો

2024ની પ્રાથમિક ચૂંટણી માટે રૂબરૂમાં પ્રારંભિક મતદાન વિશેના પાંચ સામાન્ય પ્રશ્નોના જવાબો અહીં આપેલા છે:

## 1. રૂબરૂમાં પ્રારંભિક મતદાન શું છે?

આ વિકલ્પ તમામ નોંધાયેલા મતદારોને **પ્રાથમિક ચૂંટણીના દિવસ પહેલાના પાંચ દિવસના સમયગાળા દરમિયાન, મતદાન મશીનનો ઉપયોગ કરીને રૂબરૂમાં તેમનો મત આપવા સક્ષમ બનાવે છે**. જ્યારે તમારા શેડ્યૂલ માટે સૌથી અનુકૂળ હોય ત્યારે, તમે રૂબરૂમાં, મત આપવાનું પસંદ કરી શકો છો.

## 2. હું રૂબરૂમાં પ્રારંભિક મતદાનને ક્યાંથી ઍક્સેસ કરી શકું?

- તમે કાઉન્ટીમાં ક્યાં રહો છો તેને ધ્યાનમાં લીધા વગર, તમે **તમારી કાઉન્ટી**ની કોઈપણ નિયુક્ત રૂબરૂ પ્રારંભિક મતદાન સાઇટ પર તમારા ચોક્કસ મતપત્રથી મત આપી શકો છો.
- **VOTE.NJ.GOV** પર તમારી કાઉન્ટીની સાઇટ શોધો.

## 3. હું રૂબરૂમાં પ્રારંભિક મતદાનને ક્યારે ઍક્સેસ કરી શકું?

- રૂબરૂમાં પ્રારંભિક મતદાન સાઇટ્સ **બુધવાર, 29 મે થી, રવિવાર, 2 જૂન** સુધી ખુલ્લી રહેશે.
- કલાકો **બુધવાર–શનિવાર, સવારે 10:00 વાગ્યાથી રાત્રે 8:00 વાગ્યા સુધી અને રવિવારે સવારે 10:00 વાગ્યાથી સાંજના 6:00 વાગ્યા સુધી રહેશે.** કોઈ એપોઇન્ટમેન્ટની જરૂર નથી. અપંગતાવાળા મતદારો માટે સગવડ કરવામાં આવશે.

## 4. જો હું હંમેશા ટપાલ દ્વારા મતદાન કરતો/કરતી હોઉં, પરંતુ આ વખતે મારે તેના બદલે વહેલા, રૂબરૂમાં મતદાન કરવું હોય તો શું?

- જો તમે 2024ની પ્રાથમિક ચૂંટણીમાં ટપાલ દ્વારા મતદાન માટે નોંધાયેલા હોવ, તો તમે વહેલા, રૂબરૂમાં મતદાન દરમિયાન **અથવા** ચૂંટણીના દિવસે **કામચલાઉ મતપત્ર** દ્વારા તમારો મત આપી શકો છો જે તમને તમારી પ્રારંભિક મતદાન સાઇટ અથવા મતદાન સ્થળ પર પ્રદાન કરવામાં આવશે. કામચલાઉ મતપત્ર વિશે **VOTE.NJ.GOV** પર વધુ જાણો. જો તમે હવે ટપાલ કરવાના મતપત્ર મેળવવા માંગતા ન હોવ, તો વધુ માહિતી માટે તમારા કાઉન્ટી કારકુનની કચેરીનો સંપર્ક કરો.

## 5. શું હું હજી પણ અન્ય મતદાન વિકલ્પોમાંથી પસંદ કરી શકું?

હા. તેના બદલે, તમે આ પસંદ કરી શકો:

- **ચૂંટણીના દિવસે, મંગળવાર, 4 જૂનના રોજ સવારે 6:00 થી રાત્રિના 8:00 વાગ્યા સુધી તમારા મતદાન સ્થળે રૂબરૂમાં મતદાન કરો**. અપંગતાવાળા મતદારો માટે સગવડ કરવામાં આવશે. તમારા મતદાન સ્થળ માટે, **Vote.NJ.Gov** પર સૂચિબદ્ધ મતદાન સ્થાનોના પેજ પર જાઓ.
- અથવા, **ટપાલ કરવાના મતપત્ર** માટે અરજી કરો અને તેને નીચેનામાંથી કોઈ એક રીતે પરત કરો...
  - **1...** *સુરક્ષિત મત નાખવાની પેટી:* મંગળવાર, 4 જૂનના રોજ રાતના 8 વાગ્યા પહેલા તમારી કાઉન્ટીની સુરક્ષિત મત નાખવાની પેટીઓ પૈકીની એક પેટીમાં તેને મૂકો. મતપત્ર નાખવાની પેટીના સ્થાનો VOTE.NJ.GOV પર મળી શકે છે.
  - **2...** *ચૂંટણી પંચની ઓફિસ:* તમારા મતને 4 જૂનના રોજ રાત્રિના 8 વાગ્યા પહેલાં તમારી કાઉન્ટીની ચૂંટણી પંચની ઓફિસમાં તમારો મત રૂબરૂ પહોંચાડો. કાઉન્ટી ચૂંટણી અધિકારીઓની સંપર્ક માહિતી VOTE.NJ.GOV પર મળી શકે છે.
  - **3...** *ટપાલ:* તેના ઉપર, મંગળવાર, 4 જૂનના રોજ રાત્રિના 8 વાગ્યા પહેલા પોસ્ટનો થપ્પો લાગેલ હોવો જોઈએ અને તમારી કાઉન્ટીના ચૂંટણી પંચને સોમવાર, 10 જૂનના રોજ કે તેના પહેલા પ્રાપ્ત થવું જરૂરી છે.

**નોંધ: ટપાલ કરવાના મતપત્રોને તમારી પ્રારંભિક મતદાન સાઇટ પર અથવા મતદાન સ્થળે પરત કરી શકાતા નથી.**

*વધુ જાણવા માટે, Vote.NJ.gov પર અમારી મતદાતા શિક્ષણ વીડિયો સીરિઝ જુઓ અથવા અહીં સ્કેન કરો.*

ગવર્નર Phil Murphy
લેફ્ટનન્ટ ગવર્નર અને
રાજ્ય સચિવ Tahesha Way

**1-877-NJ-VOTER (1-877-658-6837)**
**Vote.NJ.Gov**

@NJVotes @NJ_Votes NJ Department of State @NJ_Votes